ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G




અષાઢસ્ય પ્રથમ દિવસ : ગાંધીનગર ટાઉનહોલ ખાતે અષાઢ મહિનાના પ્રથમ દિવસને સંસ્કૃત દિન તરીકે ઉજવવામાં આવ્યો હતો. ગુજરાતના પ્રકાંડ પંડિતોને ગૌરવ પુરસ્કાર આપી સન્માન કરાયું હતું અને સંસ્કૃત દિવસ નિમિત્તે સંસ્કૃતમાં ગરબા અને નાટકનો સુંદર કાર્યક્રમ યોજાયો હતો. સંસ્કૃત પ્રેમીઓ સહિત સંસ્કૃતિ મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : દિપક જાની)

# અષાઢના પ્રથમ દિવસે મેઘાની ભારે જમાવટ

## છેલ્લા ૨૪ કલાકમાં ૨ ઈંચ વરસાદ

ગાંધીનગર, તા. ૯

અષાઢ માસના પ્રથમ દિવસે જ આકાશમાં ગોરંભાયેલા વાદળો સારો સંકેત આપી રહ્યા છે. ગઈકાલ રાતથી આ વાદળો અવારનવાર ઝાપટા સ્વરૂપે પડી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન લગભગ બે ઈંચ જેટલો વરસાદ શહેરમાં પડ્યો છે.

વરસાદનો ત્રીજો રાઉન્ડ શરૂ થઈ ગયો હોય તેવો માહોલ બંધાયો છે. આજે આખો દિવસ આકાશમાં કાળા ડિબાંગ વાદળા ઘેરાઈ રહ્યા હતા. એકધારો મુશળધાર વરસાદ તો પડ્યો ન હતો પરંતુ અવારનવાર મોટા ઝાપટા પડતા વરસાદની હાજરી પુરાઈ હતી. ગઈકાલે ધૂપ છાંવનો માહોલ રહ્યા બાદ રાત્રે આકાશમાં ધીમે ધીમે વાદળોની જમાવટ થવા માંડી હતી. મોડી રાત્રે દોઢ વાગ્યાની આસપાસ જોરદાર ઝાપટુ પડ્યું હતું. તે પછી છેક સવાર સુધી ઝરમર વરસાદ વરસતો રહ્યો હતો. સવારે વરસાદ બંધ થયા બાદ સુર્યનારાયણના દર્શન પણ થયા હતા. જો કે બપોર બાદ પુનઃ આકાશમાં ઘેરા કાળા વાદળો ઘેરાઈ આવ્યા હતા અને સાંજ સુધી ઝાપટા પડતા રહ્યા હતા. અવારનવાર વરસાદી ઝાપટા પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. શહેરનું વાતાવરણ આહલાદક બની ગયું હતું. શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવવાની સમસ્યા પણ પેદા થઈ હતી.

આજે દિવસ દરમ્યાન મહત્તમ તાપમાન ૩૨.૫ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૬.૦ ડિ.સે. રહ્યુ હતું જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૯૨ ટકા અને સાંજે ૯૦ ટકા રહ્યું હતું. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન શહેરમાં વરસેલા વરસાદની વાત કરીએ તો રાત્રે ૩૩ મી.મી. અને દિવસ દરમ્યાન ૧૪ મી.મી. વરસાદ વરસ્યો હતો. આમ છેલ્લા ૨૪ કલાક દરમ્યાન ૪૭ મી.મી. વરસાદ પડ્યો હતો. આ સાથે મૌસમનો કુલ વરસાદ ૨૯૮ મી.મી. પર પહોંચ્યો છે.

# નરેન્દ્ર મોદીને ઊડાવી દેવાની ધમકી

## રોડ બંદોબસ્તને ત્રણ ગણો વધારી દઈ સુરક્ષા વ્યવસ્થા લોખંડી કરી દેવાઈ : જિલ્લાની એલસીબી એસ.ઓ.જી. અને તમામ ડીવાયએસપીને પણ રોડ બંદોબસ્ત અને વાહનચેકીંગ માટે ઉભા કરી દેવાયા

ગાંધીનગર, તા.૯

રાજયના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યો પત્ર મળ્યો હોવાના આઈ.બી.ના ઈનપુટથી સી.એમ.ની સિક્યુરીટી કડક બનાવી દેવામાં આવી છે. રોડ બંદોબસ્તમાં રૂટીન કરતા ત્રણ ગણી પોલીસ ફોર્સ મુકી દેવામાં આવી છે. તે ઉપરાંત જિલ્લાની એલસીબી, એસ.ઓ.જી.ની ટીમ સહિત તમામ ડીવાયએસપી કક્ષાના



અધિકારીઓને પણ રોડ બંદોબસ્ત તથા ચેકીંગની કામગીરી માટે રોડ પર ઉભા કરી દેવામાં આવ્યા છે.

બિહારના બોધ ગયા મંદિરમાં થયેલા આતંકવાદી હુમલા બાદ સમગ્ર રાજયમાં હાઈ એલર્ટ જાહેર કરી દેવાયું છે. દરમિયાન રાજયના મુખ્યમંત્રી મોદીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી અપાઈ હોવાના ઈનપુટ આઈ.બી. દ્વારા આપવામાં આવ્યો

● અનુસંધાન પાના-૭ પર

# ગુડા કુડાસણ નજીક ૩૫ એમ.એલ.ડી.નો ફિલ્ટર પ્લાન્ટ બનાવશે

ગાંધીનગર, તા. ૯

ગુડા વિસ્તારમાં પીવાના પાણીની સુવિધા પુરી પાડવા માટે આજે રથયાત્રાના પવિત્ર દિવસે ફિલ્ટર પ્લાન્ટ નાખવાની કામગીરીના શ્રીગણેશ કરાશે.

૩૫ એમ.એલ.ડી. પાણી શુધ્ધિકરણનો આ પ્લાન્ટ રૂ. ૮ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવશે. રાજ્યમંત્રીશ્રી નાનુભાઈ વાનાણીના હસ્તે પ્લાન્ટની કામગીરીનો ખાતવિધિ યોજવામાં આવ્યો છે.

આ ફિલ્ટર પ્લાન્ટની સાથે સાથે સ્કાડા પદ્ધતિ પણ લગાવવામાં આવનાર છે. જેનાથી પાણીના ક્લોરીનેશન ઉપરાંત કયા વિસ્તારમાં કેટલુ પાણી સપ્લાય કરવામાં આવ્યુ તે બધી જ વિગતો કોમ્પ્યુટરની મદદથી ઉપલબ્ધ બનશે.

ગુડા વિસ્તારમાં પેયજળની સુવિધાને અદ્યતન બનાવવાની જાહેરાત તેના ચેરમેનશ્રી અશોકભાઈ ભાવસારે ચૂંટણીઓ પૂર્વે કરી હતી. આ પછી તેના ટેન્ડરો માંગવામાં આવ્યા હતા અને હવે આ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ૨૦ એમ.એલ.ડી. પેયજળનો પુરવઠો આપવાની યોજના હતી પરંતુ ત્યારબાદ થયેલા વિકાસને ધ્યાને રાખી ફીલ્ટર પ્લાન્ટ ૩૫ એમ.એલ.ડી.નો તૈયાર કરવામાં આવી રહ્યો છે.

મળતી વિગતો મુજબ આ ફિલ્ટર પ્લાન્ટની સાથે સાથે ૧૮ લાખ લીટરની ક્ષમતા ધરાવતો એક સંપ પણ બનાવવામાં આવનાર છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા તેના વિસ્તારમાં આંતર માળખાકીય કામગીરીના નિર્માણને છેલ્લા એક વર્ષથી વેગ આપવામાં આવ્યો છે. ગુડાએ પહેલા સીટી બસ માટેના પીક-અપ સ્ટેન્ડ ત્યારબાદ બસની સુવિધા, ગટરલાઈનના કામો પણ હાથ ધર્યા છે. હવે પેયજળની સુવિધા માટે અદ્યતન ફિલ્ટર પ્લાન્ટનો પ્રોજેક્ટ હાથ ધરાવામાં આવ્યો છે. આ પ્લાન્ટ એક વર્ષમાં તૈયાર થઈ જશે.

## ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગરના પત્રકાર શ્રી કલ્પેશ રાવલની સાડા ત્રણ વર્ષની દિકરી જુઈનું આજે વહેલી સવારે દુઃખદ અવસાન થયું છે.
- ગાંધીનગરના કાઉન્સીલરો અશ્વિન વ્યાસ અને પ્રવિણ પટેલે (ક્વોલીટી) ઉત્તરાખંડના પૂરગ્રસ્તો માટે ત્રણ માસનો તેમનો પગાર રાહતફંડમાં આપ્યો છે.
- ગાંધીનગરના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા તરફથી આજે જૈનશ્રાવકોને પ.પૂ. પ્રસન્ન સાગરજીના ચાર્તુમાસ પ્રવેશ નિમિત્તે ૫૦૦ ગ્રામ મીઠાનું બોક્સ પ્રભાવનામાં અપાશે.
- રથયાત્રામાં જોડાનાર ભાવિક ભક્તોને ઘ-૨ નજીક શહેર કોંગ્રેસ દ્વારા હળવા નાસ્તાના પેકેટ તથા પાણીના પાઉચ અપાશે.
- આઈ.એન.ટી.ના શ્રી સુરેશ રાજડા ગાંધીનગરની મુલાકાતે આવી રહ્યા છે.
- ૧૧મીએ ગાંધીનગર સાબરકાંઠાના પત્રકારો માટે પત્રકારત્વની બદલાતી ભૂમિકા પર સેમિનાર યોજાયો છે. જેમાં ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના અજય ઉમટ તથા ગુજરાત સમાચારના શ્રી ભવેન કચ્છી મુખ્ય વક્તા તરીકે હાજર રહેનાર છે.
- સ્વર્ણિમ સંકુલ-૨ના નિર્માણની ચાલી રહેલી કામગીરીને ધ્યાને રાખી નૈઋત્ય દિશાનો વિધાનસભાનો દરવાજો એક મહિના માટે બંધ કરાયો છે.
- સોલાર પેનલોને કારણે વરસાદ માપક યંત્રો દ્વારા વરસાદની માપણીમાં અવરોધ થતો હોવાનું તંત્રના ધ્યાને આવ્યું છે.
- ગાંધીનગર વકીલોનું એક કલ્ચરલ ગૃપ આજથી આરંભાઈ રહ્યું છે.
- જુના સેક્ટરોમાં સ્ટ્રીટલાઈટો વધુ પડતી બંધ રહેતી હોવાની ફરિયાદો વધી છે.

**પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



વિનોદચંદ્ર શાહ
સ્વ. તા. ૨૧-૬-૧૨

આંખોમાં આંસુને દિલમાં તમારી યાદ છે,
આજે તમે નથી એ જ અમારી ફરીયાદ છે.
આપના આર્શીવાદ અમારી સાથે છે
એ અમને વિશ્વાસ છે....
પ્રભુ તમારી આત્માને શાંતિ આપે એ
જ અમારી પરમાત્માને પ્રાર્થના...

લિ.
વર્ષાબેન વિનોદચંદ્ર શાહ
ચિંતન વિનોદચંદ્ર શાહ
તેજસ વિનોદચંદ્ર શાહ

**‘વાહકજન્ય રોગથી બચવા આટલું કરીએ’**

૧. મેલેરીયા, ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા મચ્છરથી ફેલાતા વાહનકજન્ય રોગ છે.
૨. આ રોગના મચ્છરો ચોખ્ખા બંધીયાર પાણીમાં ઉત્પન્ન થાય છે.
૩. ઘરમાં અને આસપાસ પાણીનો ભરાવો તેમજ ખાડા-ખાબોચિયા દૂર કરીએ.
૪. પાણી ભરવાના તમામ વાસણો અઠવાડિયામાં એકવાર ખાલી કરી, અંદરની બાજુએથી ઘસીને સાફ કરી તડકે સુકવીએ.
૫. દવામાં બોળેલ મચ્છરદાનીનો ઉપયોગ અવશ્ય કરીએ. શહેરની મેલેરીયા યોજના ગાંધીનગર ખાતે મચ્છરદાની મફત દવાવાળી કરી આપવામાં આવે છે.
૬. શરીર પુરું ઢંકાય તેવા કપડાં પહેરવા.
૭. મચ્છર ભગાડવાની અગરબત્તી, રીપેલન્ટનો ઉપયોગ કરવો.
૮. સવારે ગુગળનો ધૂપ તથા સંધ્યાકાળે લીમડાનો ધૂમાડો કરવો.
૯. વહેલી સવારે તથા સાંજે ઘરના બારી - બારણાં બંધ રાખવા.

**મહાનગરપાલિકા, ગાંધીનગર**

**LCD TV રીપેરીંગ**

આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે

**સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ**

ફોન : ૨૩૨ ૮૭૧૧૫
મો ૯૭૧૪૧૯૮૩૬૬
મો ૯૪૨૬૨ ૭૦૪૮૧

**ટચુકડી જાહેર ખબર**

દર ગુરુવારે-રવિવારે
જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

**ગાંધીનગર મહાનગરપાલિકા**

**સુધારા જાહેરાત**

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રીના પર્સનલ સેક્રેટરીની સરકારશ્રીના ધારા-ધોરણ પ્રમાણે રૂ. ૪૫૦૦ના ફીક્સ વેતનથી તદન હંગામી ધોરણે ફક્ત છ માસ માટે જગ્યા ભરવાની છે.

આ માટે તા. ૧૫-૭-૨૦૧૩ને સોમવારના રોજ સવારના ૧૧ કલાકે ઈચ્છુક ઉમેદવારોને ઓરીજીનલ પ્રમાણપત્રો સાથે નીચેના સરનામે વોક ઈન ઈન્ટરવ્યું માટે ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.

સ્થળ : ગાંધીનગર મહાનગરપાલિકા, બહુમાળી મકાન, સેક્ટર-૧૧, પ્રથમ માળ, ગાંધીનગર-૧૧.

નાયબ મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર મહાનગરપાલિકા

**જાહેર આમંત્રણ**

**તલોદ તાલુકા કોંગ્રેસ સમિતિ**

**ધારાસભ્યના કાર્યાલયનું ઉદ્‌ઘાટન**

તલોદ / પ્રાંતિજ તાલુકાના સર્વે નાગરિક ભાઈ-બહેનો તેમજ કાર્યકરોને જણાવતા આનંદ થાય છે કે આપણા વિસ્તારના લોકલાડીલા ધારાસભ્ય શ્રી મહેન્દ્રસિંહજી કે. બારૈયા તથા તલોદ તાલુકા કોંગ્રેસ સમિતિની ઓફિસનું ઉદ્‌ઘાટન રથયાત્રાના દિવસે તા. ૧૦-૭-૨૦૧૩, બુધવારે સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ કલાકે રાખેલ છે. દરેકને તલોદ તાલુકા કોંગ્રેસ સમિતિ તરફથી આમંત્રણ પાઠવવામાં આવે છે.

તારીખ : ૧૦-૭-૨૦૧૩ બુધવાર, સવારે ૯.૦૦ થી ૧૦.૩૦

સ્થળ : ક્રિષ્ના પ્લાઝા, પ્રથમ માળ, બગીચા સામે, તલોદ-મોડાસા રોડ, તલોદ

લિ.

: નિમંત્રક :-
મહેન્દ્રસિંહ કે. બારૈયા
ધારાસભ્ય

મંગુસિંહ કે. ઝાલા
પ્રમુખ, તલોદ તાલુકા કોંગ્રેસ સમિતિ

નરેન્દ્રભાઈ પટેલ
પ્રમુખ, પ્રાંતિજ તાલુકા કોંગ્રેસ સમિતિ




SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com